Presentation and Disclosures) Directions, 2025

ગુજરાતી સંક્ષિપ્ત સારાંશ

---

1. લાગુ પડતા નિયમો (Applicability)

- આ નિયમો તમામ **Urban Co-operative Banks** પર લાગુ પડે છે.
- BR Act, 1949 ની કલમ 56 મુજબના પ્રાથમિક સહકારી બેંકો માટે અમલ કરવો ફરજિયાત છે.

2. અમલ તારીખ (Commencement)

- (28 નવેમ્બર 2025 થી લાગુ).

3. બેલેન્સ શીટ અને P&L (Chapter-II)

ફરજિયાત ફોર્મેટ

બેંકે નીચે મુજબ Financial Statements બનાવવાના રહેશે:

- ✔ Balance Sheet
- ✔ Profit & Loss Account

આ બંને:

BR Act, 1949 ની Third Schedule મુજબ Section 56 (Clause zl) મુજબ બનાવવાનું ફરજિયાત છે. મોટા ભાગના સ્ટેચ્યુટરી ઓડિટર કોમર્સીઅલ બેન્ક માટે ઉપયોગ માં લેવાતા પ્રોફોર્મા ઉપયોગ કરે છે. કો-ઓપરેટીવ બેંકો માટે ના પ્રોફોર્મા ગુજરાતી અને અંગ્રેજીમાં આ સાથે સામેલ છે.

એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ

ICAI ના તમામ Accounting Standards લાગુ પડશે. કો-ઓપરેટીવ બેંકો Level-I Enterprise હોવાથી બધા **એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ** ફરજિયાત રીતે પાલન કરવાના રહેશે

4. ખાસ એકાઉન્ટિંગ માર્ગદર્શન (Accounting Guidance)

📌 (1) Prior Period Items (AS-5)

આ સ્ટાન્ડર્ડ મુજબ, અસામાન્ય (Extraordinary) ઘટનાઓ તથા અગાઉના સમયગાળાના મુદ્દાઓ (Prior Period Items) નું યોગ્ય વર્ગીકરણ અને ખુલાસો કરવો ફરજિયાત છે. તેમજ સામાન્ય પ્રવૃત્તિઓમાંથી થતા નફા અથવા નુકસાનમાં સમાવિષ્ટ કેટલાક ખાસ મુદ્દાઓનો પણ ખુલાસો કરવો જરૂરી છે.

આ ઉપરાંત, એકાઉન્ટિંગ અંદાજોમાં થતા ફેરફારો (Changes in Accounting Estimates) માટે કઈ રીતે હિસાબ રાખવો તે પણ આ સ્ટાન્ડર્ડમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે, તેમજ એકાઉન્ટિંગ નીતિઓમાં (Accounting Policies) થતા ફેરફારો અંગે નાણાકીય નિવેદનોમાં કેવી રીતે માહિતી આપવી તે પણ નિર્ધારિત કરવામાં આવ્યું છે.

- જૂના વર્ષોની આવક/ખર્ચ અલગ દર્શાવવાના રહેશે. એટલેકે જે તે વર્ષ નો પ્રોફિટ સાચો બતાવવો અને અગાઉના વર્ષ ની આવક કે ખર્ચ આ વર્ષમાં લીધેલ હોય જેનાથી નફા કે નુકસાન માં ફેરફાર થયા હોય તો તે અલગ દર્શાવવાના તથા નોટસ ઓન એકાઉન્ટ્સ માં દર્શાવવા
- અગાઉના સમયગાળાની આવક (Prior Period Income) અથવા અગાઉના સમયગાળાનો ખર્ચ (Prior Period Expenditure) અંગેના કોઈપણ મુદ્દા માટે, જો તે નીચે મુજબ મર્યાદા કરતાં વધારે હોય, તો સંબંધિત એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડના નિયમોનું પાલન કરવામાં આવે:
- જો આવક અથવા ખર્ચને કુલ (Gross) આધાર પર ગણવામાં આવે, તો તે બેંકની કુલ આવક / કુલ ખર્ચના, અગાઉના સમયગાળાની આવક (Prior Period Income) અથવા અગાઉના સમયગાળાનો ખર્ચ **1% કરતાં વધુ** હોય; અથવા
- જો આવકને ખર્ચ બાદ (Net of Costs) ગણવામાં આવે, તો તે કર પહેલાંના નફા (Net Profit Before Tax) અથવા નેટ નુકસાનના **1% કરતાં વધુ** હોય,
- તો આવા મુદ્દાઓ માટે Accounting Standard ના નિયમોનું પાલન ફરજિયાત રહેશે.
- ઉપરાંત, કારણ કે BR Act, 1949 ની Third Schedule માં દર્શાવેલ Form B મુજબના નફા-નુકસાન ખાતાના ફોર્મેટમાં, અગાઉના સમયગાળાના મુદ્દાઓનો વર્તમાન વર્ષની નફા-નુકસાન પર થતો અસર અલગથી બતાવવાની ખાસ જોગવાઈ નથી, તેથી જ્યાં જરૂરી હોય ત્યાં આવા ખુલાસા બેંકની બેલેન્સ શીટ સાથેની **'Notes on Accounts'** માં કરવાના રહેશે.
-

(2) NPA આવક (AS-9)- Revenue Recognition

- NPA પર વ્યાજ ન ગણવું

(3) Foreign Exchange (AS-11)

- FEDAI દર મુજબ રેકોર્ડ કરવું

- Weekly Average Rate માન્ય

(4) Segment Reporting (AS-17)

ડાઇરેકટીવે માં આપેલા નમૂના મુજબ બેંકે નીચેના ચાર વિભાગમાં રિપોર્ટ કરવું:

1. Treasury
2. Wholesale Banking
3. Retail Banking
4. Other Banking Business

(5) Related Party (AS-18)

- Directors, relatives, subsidiaries સાથેના વ્યવહારો ડાઇરેકટીવે માં આપેલા નમૂના મુજબ બેંકે જાહેર કરવા
- ગ્રાહક ગોપનીયતા જાળવવી- જ્યારે એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ હેઠળ Related Party અંગે કરવાના ખુલાસા સંયુક્ત (Aggregated) સ્વરૂપમાં ન હોય, એટલે કે જ્યારે કોઈ પણ શ્રેણીમાં માત્ર એક જ Related Party હોય, ત્યારે બેંકને તે Related Party વિશે સંબંધની વિગતો સિવાય અન્ય કોઈ ખાસ માહિતી જાહેર કરવાની જરૂર નથી. અર્થાત્, આવી સ્થિતિમાં બેંકે માત્ર તે Related Party સાથેના સંબંધનું સ્વરૂપ જણાવવું પૂરતું રહેશે, અન્ય વ્યવહારો અથવા આંકડાની વિગત આપવાની ફરજ રહેશે નહીં.

(6) Investments in Associates (AS-23)- Accounting for Investments in Associates in the Consolidated Financial Statements (CFS)

- 20%થી વધારે શેર = Associate (જો Control હોય તો)- સામાન્ય રીતે આપણા ત્યાં સહકારી બેંકો ને લાગુ પડશે નહિ

(7) Intangible Assets (AS-26)

- Software વગેરે intangible assets. આ સ્ટાન્ડર્ડ Intangible Assets માટેના એકાઉન્ટિંગ ઉપચાર (Accounting Treatment) નિર્ધારિત કરે છે, જે અંગે અન્ય કોઈ એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડમાં ખાસ રીતે વ્યવસ્થા કરવામાં આવી નથી.
- બેંકના ઉપયોગ માટે કસ્ટમાઇઝ કરાયેલા અને લાંબા સમય સુધી ઉપયોગમાં લેવાના હેતુથી તૈયાર કરાયેલા કમ્પ્યુટર સોફ્ટવેર બાબતે, આ સ્ટાન્ડર્ડમાં નક્કી કરાયેલા ઓળખ (Recognition) અને અમોર્ટાઇઝેશન (Amortisation) ના નિયમો પૂરતા અને યોગ્ય છે, અને બેંકે તે મુજબ પાલન કરવું જોઈએ.
- આ ઉપરાંત, નોંધવું જરૂરી છે કે AS-26 મુજબ બેલેન્સ શીટમાં માન્ય અને દર્શાવેલા Intangible Assets પર BR Act, 1949 ની કલમ 15(1) લાગુ પડે છે. આ કલમ અનુસાર, જ્યાં સુધી બેલેન્સ શીટમાં ભૌતિક સંપત્તિ (Tangible Assets) દ્વારા પ્રતિનિધિત ન થયેલ ખર્ચ દર્શાવવામાં આવેલ હોય, ત્યાં સુધી બેંકને ડિવિડેન્ડ જાહેર કરવાની મંજૂરી નથી.

- અતએવ, જો બેંક પોતાની ખાતાબહીઓમાં Intangible Assets ધરાવતી હોવા છતાં ડિવિડેન્ડ ચૂકવવા ઇચ્છે, તો તેને BR Act, 1949 ની કલમ 15(1) હેઠળ કેન્દ્રીય સરકાર પાસેથી ખાસ છૂટ (Exemption) મેળવવી જરૂરી રહેશે.
-

5. Notes to Accounts (Chapter-III)

ફરજિયાત ખુલાસા

બેંકે Notes to Accounts માં રિઝર્વ બેંકે જારી કરેલ ડાઇરેક્ટીવમાં આપેલ નિયત નમુનામાં બતાવવાનું:

મુખ્ય વિષયો

1. Capital Adequacy (CRAR, Tier 1, Tier 2)
2. Asset Liability Management
3. Investments
4. Asset Quality (NPA) -I) Classification of advances and provisions held ii) Sector-wise advances and Gross NPAs

   III) Details of accounts subjected to restructuring (restructuring as defined as per applicable regulations) IV) Divergence in asset classification and provisioning V) Disclosure of transfer of loan exposure vi) Non – Fund Based Credit Facilities vii) Fraud accounts viii) Disclosures related to Project Finance IX) Disclosure under resolution framework for COVID-19-related Stress
5. Exposures -- (i) Exposure to real estate sector ii) Exposure to capital market iii) Risk category-wise country iv) Unsecured advances exposure v) Details of gold and silver collateral and auctions

5. Derivatives
6. Complaints
7. Disclosure of penalties imposed by the Reserve Bank of India
8. Other Disclosures ----Business Ratios, Bancassurance business, Marketing and distribution, Disclosures regarding Priority Sector Lending Certificates (PSLCs), Provisions and contingencies, Payment of DICGC Insurance Premium, Disclosure of facilities granted to directors and their relatives,
9. Concentration of deposits, advances, exposures and NPAs- Concentration of deposits- Concentration of , Concentration of exposures, Concentration of NPAs
10. Transfers to Depositor Education and Awareness Fund (DEA Fund)

◇ 6. Asset Quality (NPA)

બેંકે જાહેર કરવું:

- Gross NPA
- Net NPA

- Provisions
- PCR Ratio
- Sector-wise NPA

ખોટી માહિતી આપવી = ગંભીર ગુનો

7. Transfer to Reserve (Chapter-IV)

ફરજિયાત નિયમ

- નફામાંથી ઓછામાં ઓછું 20% → Statutory Reserve
- RBI મંજૂરી વગર રિઝર્વમાંથી ઉપાડ નહીં

8. Inter-Branch / Nostro Account

જો reconciliation બાકી હોય:

5 વર્ષથી વધુ સમયથી બાકી ક્રેડિટ રકમ "Blocked Account" માં ટ્રાન્સફર કરવી

- જો ઇન્ટર-બ્રાન્ચ ખાતામાં કોઈ **ક્રેડિટ એન્ટ્રી 5 વર્ષથી વધુ સમયથી બાકી** હોય, તો બેંકે:
  - તેને અલગ **"Blocked Account"** માં ખસેડવી.
  - બેલેન્સ શીટમાં **"Other Liabilities – Suspense"** હેઠળ દર્શાવવી.

આથી ખૂબ જૂની અને બાકી એન્ટ્રીઓ અલગ રાખવામાં આવે છે.

2. Blocked Accountમાંથી એડજસ્ટમેન્ટ માટે કડક મંજૂરી

- Blocked Accountમાંથી કોઈપણ એડજસ્ટમેન્ટ માટે:
  - **બે અધિકારીઓની મંજૂરી** જરૂરી છે.
  - જો રકમ **₹1 લાખથી** વધુ હોય, તો તેમાં એક અધિકારી **હેડ ઓફિસ / કન્ટ્રોલિંગ ઓફિસ**માંથી હોવો જોઈએ.

આથી ગેરવપરાશ અટકાવવામાં આવે છે.

3. CRR અને SLR માટે Blocked Account ને જવાબદારી (Liability) ગણવી

- Blocked Accountમાં રહેલી રકમને નીચે જણાવેલ હેતુ માટે **જવાબદારી** ગણવામાં આવશે:
  - **CRR (Cash Reserve Ratio)**

- **SLR (Statutory Liquidity Ratio)**

માટે તેને **જવાબદારી (Liability)** તરીકે માનવામાં આવશે.

એટલે કે, આ રકમ સામે પણ રિઝર્વ રાખવો પડશે.

☑ **4. કેટેગરી પ્રમાણે ઇન્ટર-બ્રાન્ચ ખાતાં રાખવા-**બેંકે ઇન્ટર-બ્રાન્ચ લેવડદેવડ માટે:અલગ-અલગ **કેટેગરી/હેડ મુજબ ખાતાં** રાખવા પડશે.

ઉદાહરણ:

- રેમિટન્સ, ડ્રાફ્ટ, કેશ ટ્રાન્સફર, ક્લિયરિંગ ટ્રાન્ઝેક્શન

આથી રિકન્સિલિયેશન સરળ બને છે.

5. --- 6 મહિનાથી વધુ સમયથી બાકી એન્ટ્રીઓની તપાસ

બેલેન્સ શીટની તારીખે બેંકે:

- 6 મહિનાથી વધુ સમયથી બાકી રહેલી **ડેબિટ અને ક્રેડિટ એન્ટ્રીઓ** અલગ કરવી
- તેને કેટેગરી પ્રમાણે ગોઠવવી
- દરેક કેટેગરીનો **નેટ બેલેન્સ** કાઢવો
- Blocked Accountનો બેલેન્સ પણ ધ્યાનમાં લેવો

આથી બાકી રકમ પર સતત દેખરેખ રહે છે.

-6. નેટ ડેબિટ પર 100% પ્રોવિઝન કરવું

- દરેક કેટેગરીનો નેટ બેલેન્સ કાઢ્યા બાદ:તમામ **નેટ ડેબિટ બેલેન્સ** ઉમેરવા, તેના પર **100% પ્રોવિઝન** કરવું

ઉદાહરણ:
જો કુલ નેટ ડેબિટ = ₹5 કરોડ
→ તો પ્રોવિઝન = ₹5 કરોડ

આથી બેંકને સંભવિત નુકસાનથી સુરક્ષા મળે છે.

9. Fraud Provision

- Fraud મળ્યા પછી 4 ત્રિમાસિકમાં Provision- **ઉદાહરણ**: માનો કે:
- કુલ ફ્રોડ = ₹10 કરોડ
- પ્રથમ વર્ષમાં Provision = ₹5 કરોડ in 2 quarters, બાકી = ₹5 કરોડ
- વર્ષના અંતે:
  ➡ ₹5 કરોડ Reservesમાંથી લઈ Provision કરાશે, આગલા વર્ષે:
  ➡ દરેક ક્વાર્ટરમાં P&Lમાંથી Provision
  ➡ અને Reservesમાં રકમ પાછી મૂકવામાં આવશે
- ફ્રોડ નું રિપોર્ટિંગ નિર્ધારિત સમય માં ના કરેલ હોય તો 100% Provision Immediately

10. Window Dressing પર પ્રતિબંધ

નીચે ગંભીર ગુના ગણાશે:

❌ NPA છુપાવવું

❌ Provision ઓછું બતાવવું

❌ ખોટા આંકડા

❌ Fake Profit

→ RBI દંડ કરશે

સંક્ષિપ્તમાં મુખ્ય ફરજ

વિષય	**ફરજ**
Balance Sheet	Third Schedule મુજબ
P&L Account	Statutory Format
Accounting	બધા Accounting Standard નું પાલન
Disclosures	વિગતવાર Notes
Reserve	20% ફરજિયાત
NPA	પારદર્શિતા

વિષય	**ફરજ**
Fraud	સમયસર Provision
Audit	True & Fair View